CHIPS Express
પરદેશ પાર્સલ સેવા
chipsgnd@gmail.com
www.chipsairexp.com
અટરીયા-ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૧૮ | ૧૮ ઓક્ટોબર, ૨૦૧૯, શુક્રવાર; આસો વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

વિકાસનું ડબલ એન્જિન નિષ્ફળ : મનમોહન સિંહ

ફુગાવાની સ્થિતિથી ખેડૂતો પર સંકટ છવાયું છે : પીએમસી બેંક સંકટ માટે જવાબદાર ઠેરવાયા બાદ સીતારામન ઉપર વળતા પ્રહાર : ૨૦૨૪ સુધી ૫ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર હાલની ગતિથી નહીં બને : મહારાષ્ટ્ર પર મંદીની સૌથી વધુ માર, મેન્યુફેક્ચરિંગ ગ્રોથ ચાર વર્ષથી સતત ઘટી રહ્યો છે : છેલ્લા ૫ વર્ષમાં મહારાષ્ટ્રમાં સૌથી વધારે ફેક્ટરીઓ બંધ થઈ

મુંબઈ, તા. ૧૭

મહારાષ્ટ્રના ચૂંટણી સમરમાં આજે ગુરૂવારના દિવસે પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ પણ કુદી પડ્યા હતા. જોક્ટર સિંહે કલમ ૩૭૦ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રશ્નોના જોરદાર જવાબો આપ્યા હતા. તેમણે કહ્યુ હતુ કે કોંગ્રેસ પાર્ટીના સભ્યોએ આર્ટિકલ ૩૭૦ને ખતમ કરવા માટે બિલના સમર્થનમાં મત આપ્યા હતા. અમારી પાર્ટી કલમ ૩૭૦ની વિરુદ્ધમાં ક્યારેય રહી નથી. નાણાં પ્રધાન નિર્મલા સીતારામનના પીએમસી બેંક સંકટ માટે પોતાને જવાબદાર ઠેરવી દેવાના સંબંધમાં વળતા પ્રહારો કર્યા હતા. પૂર્વ વડાપ્રધાને આક્ષેપ કરતા કહ્યુ હતુ કે કે ભાજપ સરકાર માત્ર વિપક્ષ પર પ્રહારો કરવામાં માને છે. સમાધાન કરવામાં સરકાર નિષ્ફળ રહી છે. તેમણે કહ્યુ હતુ કે નીચલા સ્તરના ફુગાવાના કારણે ખેડુતો પર સંકટની સ્થિતી રહેલી છે. સરકારની આયાત-નિકાસની નિતીના કારણે પણ માઠી અસર થઈ રહી છે. ડોક્ટર સિંહે કહ્યુ હતુ કે અમે માનીએ છીએ કે કલમ ૩૭૦ એક અંશકાલિક ઉપાય તરીકે હતી.પરંતુ જો ફેરફાર કરવામાં આવ્યા છે તો તેને જમ્મુ કાશ્મીરના લોકોના સદ્ભાવ સાથે કરવામાં આવે તે જરૂરી છે.

● અનુસંધાન પાન-૭ પર

પાકિસ્તાન કાશ્મીરને છોડી અન્ય મુદ્દા પર ધ્યાન આપે

પાકિસ્તાન નહીં સમજે તો ૧૯૭૧ જેવી સ્થિતિ થશે : સંરક્ષણ મંત્રાલયની જવાબદારી સંભાળ્યા બાદ રાજનાથે પ્રથમ ઇન્ટરવ્યુ આપ્યું : પ્રાઇવેટ સેક્ટર હિસ્સેદારી વધશે

નવીદિલ્હી, તા. ૧૭

સંરક્ષણ મંત્રાલયની જવાબદારી લીધા બાદ પોતાના પ્રથમ ઈન્ટરવ્યુમાં સંરક્ષણમંત્રી રાજનાથસિંહે આજે કહ્યું હતું કે, પાકિસ્તાન આતંકવાદનો રસ્તો છોડીને મૂળ સમસ્યા ઉપર ધ્યાન આપે તે જરૂરી છે. તેમણે ઉમેર્યું હતું કે, ભવિષ્યમાં પ્રાઈવેટ ઈન્ડસ્ટ્રીની હિસ્સેદારી વધનાર છે. સંરક્ષણ ક્ષેત્રમાં દેશની નિકાસ ખુબ સારી રહી છે અને આવનાર સમયમાં તેમાં વધુ વધારો થવાના સંકેત છે. પડોશી દેશ પાકિસ્તાનને પણ પોતાની મૂળ સમસ્યા તરફ ધ્યાન આપવાની જરૂર છે. આતંકવાદનો સાથ છોડવાની જરૂર છે. અનેક આંતરરાષ્ટ્રીય મંચ પર કાશ્મીર મુદ્દાને પાકિસ્તાન ઉઠાવી રહ્યું છે પરંતુ તેને વિશ્વ સમુદાય તરફથી કોઈ સમર્થન મળી રહ્યું નથી. સંરક્ષણમંત્રીએ પડોશી દેશને સલાહ આપતા કહ્યું હતું કે, પાકિસ્તાને કાશ્મીરને છોડીને પોતાના અન્ય મુદ્દા ઉપર ધ્યાન આપવું જોઈએ.

● અનુસંધાન પાન-૭ પર

ભારતની સેના વિશ્વની સૌથી તાકાતવર સેનાની શ્રેણીમાં

છેલ્લા પાંચ વર્ષમાં શ્રેણીબદ્ધ કઠોર નિર્ણય : મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણીના ભાગરુપે સતારા અને અન્ય જગ્યા પર મોદી દ્વારા ઝંઝાવતી ચૂંટણી પ્રચાર કરાયો

મુંબઈ, તા. ૧૭

મહારાષ્ટ્ર ચંટણીથી પહેલા રાજ્યમાં ભારતીય જનતા પાર્ટીએ તમામ તાકાત લગાવી દીધી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઝંઝાવતી ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. આજે મોદીએ સતારા અને અન્ય જગ્યાઓએ ચૂંટણી સભા કરી હતી. ચૂંટણી સભામાં મોદીએ મુખ્યરીતે કોંગ્રેસ અને અન્ય પાર્ટીઓ ઉપર પ્રહાર કર્યા હતા. સતારા અને બીડમાં મોદી આજે પ્રચારમાં વ્યસ્ત દેખાયા હતા. પોતાની સરકારની સિદ્ધિઓની વાત કરતા મોદીએ એનસીપી અને કોંગ્રેસના ગઠબંધનની ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે, બંને દળોની અંદર પારસ્પરિક મતભેદની સ્થિતિ રહેલી છે. અગાઉની સરકારોની ઝાટકણી કાઢતા તેમણે કહ્યું હતું કે, એનસીપી અને કોંગ્રેસનું લક્ષ્ય સમાજને વિભાજિત કરીને મલાઈ ખાવા માટેનું રહેલું છે. મોદીએ કહ્યું હતું કે, રાષ્ટ્ર રક્ષા રાષ્ટ્રના એકીકરણ માટે સરકાર કેવા કઠોર નિર્ણય લઈ રહી છે જેવા નિર્ણય લેવાની અગાઉ કોઈ સરકારમાં હિંમત ન હતી પરંતુ કમનસીબ બાબત એ છે કે, આજે મહારાષ્ટ્રમાં જે અમારા વિરોધમાં છે તે લોકો

● અનુસંધાન પાન-૭ પર

ન્યુઝ ટ્રેક

યુપીમાં બેંકમાંથી ૧૩ લાખની લૂંટ

ઉત્તરપ્રદેશના મહારાજગંજ જિલ્લાના ફરેંદા કસ્બામાં ભર બપોરે એચડીએફસી બેંકમાં ૧૩ લાખની લૂંટ થઈ છે. બાઈક પર આવેલા લુંટારૂઓ થોડીક જ મીનીટોમાં ઘટનાને અંજામ આપી ફરાર થઈ ગયા હતા.

મેક્સિકોએ ૩૧૧ ભારતીયોને પરત મોકલ્યા

અમેરિકાની ધમકી બાદ મેક્સિકોના માઈગ્રેશન અધિકારીઓએ ૩૧૧ ભારતીયોને પાછા મોકલી દીધા છે. તેમના પર આરોપ છે કે તેઓ ગેરકાયદે મેક્સિકો બોર્ડરથી અમેરિકામાં ઘૂસવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

છ માસમાં રામમંદિર બનાવી દઈશુ : વિહિપ

સુપ્રિમ કોર્ટમાં અયોધ્યા કેસમાં હવે ૨૩ દિવસની અંદર ચુકાદો આપી શકે છે. જો કે ચુકાદા પહેલા વિશ્વ હિન્દુ પરિષદે દાવો કર્યો છે કે જો નિર્ણય હિન્દુ પક્ષની તરફેણમાં આવ્યો તો તેઓ ૬ માસમાં રામ મંદિર બનાવી દેશે.

પદમા નદીમાં બાંગ્લાદેશના સુરક્ષા દળોનો ગોળીબાર : એક જવાન શહીદ

ભારતીય માછીમારો પદમા નદીમાં ફિશીંગ દરમિયાન ભારત-બાંગ્લાદેશની સરહદમાં પ્રવેશી ગયા હતા, માછીમારોને સંદેશ આપવા માટે મોકલ્યા હતા : બાંગ્લાદેશ સરહદ સુરક્ષાબળના જવાનોએ ત્રણ માછીમારોને ઝડપી લીધા હતા, ત્યારબાદ બે માછીમારોને છોડી મૂક્યા

કોલકાતા,તા.૧૭

બાંગ્લાદેશ સરહદ સુરક્ષા બળના જવાનોએ ગુરુવારે પદમા નદીમાં ભારત-બાંગ્લાદેશ સરહદમાં ભારતીય સુરક્ષા બળના જવાનો પર એકાએક ફાયરિંગ શરૂ કરી દીધું હતું. ભારતીય જવાનો નદીમાં માછીમારોની શોધખોળ કરવા માટે ગયા હતા. આ ફાયરિંગમાં હેડ કોન્સ્ટેબલ વિજય ભાન સિંહને માથાના ભાગે ગોળી વાગી હતી જ્યારે તેમના સાથીઓને હાથના ભાગે ગોળી વાગી હતી.

બોર્ડર ગાર્ડ ઓફ બાંગ્લાદેશ તરફ કરાયેલા ફાયરિંગના કારણે બન્ને દેશો વચ્ચે તણાવ વધી ગયો છે. બીએસએફ પ્રમુખ વી.કે. જૌહરીએ સમકક્ષ મેજર જનરલ શફીનુલ ઈસ્લામ સાથે હોટલાઈન પર વાત કરી છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, બોર્ડર ગાર્ડ ઓફ બાંગ્લાદેશના મહાનિયામકે મામલાની તપાસ કરાવવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો છે. બીજીબીએ બીએસએફના જવાનો પર એકે-૪૭ રાઈફલથી ફાયરિંગ કર્યું હતું.

ન્યૂઝ એજન્સીના જણાવ્યા પ્રમાણે, સવારે ૩ ભારતીય માછીમારો પદમા નદીમાં ફિશીંગ કરવા માટે ગયા હતા. આ ભારત-બાંગ્લાદેશની સરહદનો વિસ્તાર કહેવાય છે. આ દરમિયાન બાંગ્લાદેશના સુરક્ષાબળો એ માછીમારોને પકડી લીધા હતા. બાદમાં તેમણે ૨ માછીમારોને એવું કહીને છોડી મુક્યા હતા કે તેઓ જઈને બીએસએફ પોસ્ટ કમાંડરને ફ્લેગ મિટિંગ માટે કહે.

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે સારા સંબંધ છે અને સરહદ પર દાયકાઓથી ક્યારેય ગોળી ચાલી નથી. બીએસએફે આ ઘટનાની જાણકારી ગૃહ અને વિદેશ મંત્રાલયને આ અંગેની જાણકારી આપી છે.

ભારતના યાત્રી વિમાનને પાકિસ્તાનના એફ-૧૬ દ્વારા ઘેરી રાખવામાં આવ્યું

નવીદિલ્હી, તા. ૧૭

ભારતીય હવાઈ દળ દ્વારા બાલાકોટ એરસ્ટ્રાઇક અને કાશ્મીરમાંથી કલમ ૩૭૦ને દૂર કરવામાં આવ્યા બાદથી પાકિસ્તાન સંપૂર્ણપણે હચમચી ઉઠ્યું છે. તે ભારતની સામે સમગ્ર દુનિયામાં પ્રચાર ફેલાવવામાં વ્યસ્ત છે. અલબત્ત તેને સફળતા હાથ લાગી રહી નથી. બીજી બાજુ છેલ્લા મહિનામાં પાકિસ્તાને કેટલીક એવી હરકતો કરી હતી જેના કારણે બંને દેશો વચ્ચે તંગદિલી વધી ગઈ છે. પાકિસ્તાનના યુદ્ધવિમાને કાબૂલ તરફ જઈ રહેલા ભારતીય વિમાનને પોતાના

● અનુસંધાન પાન-૭ પર

સેંસેક્સમાં ૪૫૩ પોઈન્ટનો ઉછાળો

મુંબઈ, તા. ૧૭

શેરબજારમાં આજે જોરદાર તેજીનું મોજુ ફરી વળ્યું હતું. આજે કારોબારના અંતે સેંસેક્સ ૨૫૩ પોઈન્ટ ઉછળીને નવી ઉંચી સપાટી પર રહ્યો હતો. સેંસેક્સે ૩૯૦૦૦ની સપાટી કુદાવી લીધી હતી. યશ બેંકના શેરમાં ફરી એકવાર સૌથી વધુ ૧૫ ટકાનો ઉછાળો નોંધાયો હતો જ્યારે એચસીએલ ટેકના શેરમાં એક ટકાનો ઘટાડો રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં નિફ્ટી ઈન્ડેક્સ ૧૨૨ પોઈન્ટ ઉછળીને ૧૧૫૮૬ની સપાટીએ રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં મિડકેપમાં આઉટ પરફોર્મની સ્થિતિ રહી હતી. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં ૨૪૭ પોઈન્ટનો ઉછાળો રહેતા તેની સપાટી ૧૪૧૬૭ રહી હતી જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૧૧૪ પોઈન્ટનો ઉછાળો રહેતા તેની સપાટી ૧૨૯૧૪ રહી હતી. સેક્ટરલ ઈન્ડેક્સની વાત કરવામાં આવે તો એનએસઈમાં તમામ ઈન્ડેક્સ તેજીમાં જોવા મળ્યા હતા. ઓટો કાઉન્ટરમાં સૌથી વધુ ઉલ્લેખનીય સ્થિતિ રહી હતી.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

વિશાલ પંડ્યા (મો) ૯૮૨૪૦ ૫૯૬૩૫
કનૈયાલાલ પંડ્યા (મો) ૯૪૨૮૨ ૧૭૫૫૭
પ્રોડક્શન કંપનીના ભાવે
આકર્ષક લગ્ન કંકોત્રી
મેળવવાનું એક માત્ર સ્થળ
ઉંકાર ગ્રાફીક્સ & ઝેરોક્ષ
બી-૬, બેઝમેન્ટ, શ્રીનાથ કોમ્પ્લેક્ષ, ૧૭/૨૨ બસ સ્ટેન્ડ પાસે, સેક્ટર - ૨૨, ગાંધીનગર

દિપાવલીના તહેવારો માટે ફ્રેશ ડ્રાયફ્રુટ, ફેન્સી ડ્રાયફ્રુટ બોક્ષ

અરિહંત ડ્રાયફ્રુટ્સ
રૂ. ૨૫૦ થી ૨૫૦૦ સુધીની ૫૦ કરતાં વધુ વેરાઈટીઝના બોક્ષ
C/O રૂષભ એન્ટરપ્રાઈઝ સહજાનંદ કોમ્પલેક્ષ (બેઝમેન્ટ) સેક્ટર-૩૦ ચાર રસ્તા, નમસ્તે સર્કલ પાસે, સેક્ટર-૩૦, અક્ષરધામ રોડ, ગાંધીનગર
હેમાંગ આર. ગાંધી 93777 23164 | આર. ડી. ગાંધી 99241 23164
ખાલી ડ્રાયફ્રુટ બોક્ષ હોલસેલ ભાવે છૂટકમાં ઉપલબ્ધ.